ગૃહ વિભાગ હેઠળના ખાતાના વડાનીકચેરીઓના ઉપા
અધિકારીઓની કામગીરી સુનિશ્ચિત કરવા તથા બજે
જોગવાઇ કરવા બાબત....

પરિપત્ર ક્રમાંક: પીએચસી/૨૦૧૧/૬૨૯/લ
ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૩/૧૨/૨૦૧૩

## <u>પરિપત્ર</u> :

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. ગાંધીનગરને ફાળવવામાં આવતી ગ્રાન્ટ અન્વયે ગાંધીનગર જિલ્લા તિજોરી કચેરીમાં પોલીસ આવાસ નિગમના રજૂ કરવામાં આવતા બીલોમાં ઉપાડ અને ચૂકવણી અધિકારી તરીકે ઉપસચિવ (બજેટ)ને અધિકૃત કરવામાં આવેલ છે. **આ ઉપાડ અને ચૂકવણી અધિકારીનો કાર્ડેક્ષ નંબર ૫૮૬ આપવામાં આવેલ છે.** સામાન્ય રીતે સબંધિત વર્ષના બજેટમાં પોલીસ ખાતાના તથા જેલ ખાતાના જુદા-જુદા મકાનો માટે જોગવાઇ કરવામાં આવે છે. આ જોગવાઇ મુજબ પોલીસ આવાસ નિગમ દ્વારા રહેણાંકના તથા બિનરહેણાંકના મકાનોના બાંધકામની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આ અંગેની ગ્રાન્ટની ફાળવણી સીધી પોલીસ આવાસ નિગમને ઉપાડ અને ચૂકવણી અધિકારી ઉપસચિવ (બજેટ) મારફત પોલીસ આવાસ નિગમને આપવાની પ્રથા હાલ અમલમાં છે.

અનુભવે જણાયેલ છે કે ઉપાડ અને ચૂકવણી અધિકારી દ્વારા પોલીસ આવાસ નિગમને ફાળવવામાં આવતી ગ્રાન્ટ બાબતમાં જે હેતુ માટે ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવે છે તે હેતુ મા.ટે ગ્રાન્ટ પોલીસ આવાસ નિગમ દ્વારા કોઇપણ કારણસર વાપરી નહી શકાતા આવી ગ્રાન્ટની રકમ પોલીસ અવાસ નિગમ પાસે ઘણા વર્ષોથી વણવપરાયેલ પડી રહેલ છે. <u>તાજેતરમાં વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીઓની કામગીરી માટે નિગમને જુદા જુદા વર્ષોમાં ફાળવવામાં આવેલ ગ્રાન્ટ વણવપરાયેલ પડી રહેવાથી એ.જી. કચેરી દ્વારા ગુજરાત રાજ્ય</u> **પોલીસ આવાસ નિગમના ઓડીટ દરમ્યાન ઘણી મોટી રકમ વણવપરાયેલ રહેવાના કારણે ઓડીટ પારા ઉપસ્થિત કરવામાં આવેલ છે.**

ઉપરોક્ત સંજોગોમાં ગૃહ વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીઓના ઉપાડ અને ચૂકવણી અધિકારી તરીકે ઉપસચિવ (બજેટ) મારફત પોલીસ આવાસ નિગમને સીધી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે બાબતમાં હવેથી નીચે પ્રમાણે કાર્યપધ્ધતિ અમલમાં મૂકવામાં આવે છે.

(૧) ખાતાના વડાએ જે કામ હાથ ધરવાના હોય તે કામની જમીનના કબજા સબંધિત તથા તેના નકશા અંદાજોની કામગીરી પૂર્ણ થયેથી નક્કી થયેલા અંદાજ મુજબ બજેટમાં જોગવાઇ કરવાની રહે છે. બજેટમાં જોગવાઇ કરવાના થતા કામોનો ખર્ચ કરેલ જોગવાઇ પ્રમાણે તે વર્ષમાં જ પૂર્ણ થઇ જાય તેવો હોવો જોઇએ.

(૨) પોલીસ આવાસ નિગમને જો એડવાન્સ ગ્રાન્ટ આપવાની થતી હોય તો તેવી એડવાન્સની રકમ વિભાગના સબંધિત નાયબ સચિવશ્રીએ ખાતાના વડાની ચોક્કસ કામો માટે દરખાસ્ત મેળવી નાણા વિભાગની મંજૂરી દ્વારા આવી રકમ ઉપાડ અને ચૂકવણી અધિકારી ઉપસચિવ (બજેટ) મારફત પોલીસ આવાસ નિગમને ચૂકવવાની રહેશે. એડવાન્સ ગ્રાન્ટની રકમ નક્કી કરતી વખતે પોલીસ આવાસ નિગમને ફક્ત ત્રણ માસ માટેના ચોક્કસ કામો ચાલુ કરવા માટે જ એડવાન્સ રકમ ચૂકવવાની રહેશે. ચોક્કસ કામો માટે ખાતાના વડાની દરખાસ્ત અંગે ત્રિમાસિક ગ્રાન્ટની એડવાન્સ રકમ દર ત્રણ માસે ચૂકવવાની રહેશે તથા પોલીસ આવાસ નિગમે આ રકમ મળેથી આ રકમ GSFS માં જમા કરાવવાની રહેશે અને ખર્ચ થયેથી તેનો ઉપાડ કરવાનો રહેશે.

(૩) પોલીસ આવાસ નિગમને જે કામ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે તે હેતુ માટે જ ખર્ચ થાય તેની કાળજી સબંધિત ખાતાના વડાએ તથા પોલીસ આવાસ નિગમ દ્વારા લેવાની રહેશે.

(૪) પોલીસ આવાસ નિગમ દ્વારા પોલીસ ખાતાના રહેણાંક તથા બિનરહેણાંકના મકાનો માટે જમીન મેળવવાની કામગીરી, જમીનના ટાઇટલ ક્લીયર માટેની કામગીરી તથા તેના નકશા-અંદાજો વગેરેની તમામ કામગીરી ખાતાના વડા તથા સબંધિત જિલ્લાના કલેક્ટરશ્રીના પરામર્શમાં અગાઉથી કરવાની રહે છે. આ કામગીરી પૂર્ણ થયા બાદજ ખાતાના વડા દ્વારા તેની બજેટમાં જોગવાઇ કરવાની રહે છે. હવેથી બજેટમાં પોલીસ ખાતાના રહેણાંક અને બિનરહેણાંકના કામો માટે જરૂરી જોગવાઇ પોલીસ આવાસ નિગમના બદલે જે તે ખાતાના વડા દ્વારા કરવાની રહેશે.

(૫) પોલીસ આવાસ નિગમ દ્વારા જે કામો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવેલી હોય તે ગ્રાન્ટ અંગેનો ખર્ચનો પ્રગતિ અહેવાલ દર ત્રણ માસે ખાતાના વડાને તથા ઉપસચિવ (બજેટ)ને અવશ્ય મોકલી આપવાનો રહેશે. આ ખર્ચના આધારે સચિવશ્રી (ગૃહ) તથા અ.મુ.સ.શ્રી (ગૃહ) દ્વારા પોલીસ આવાસ નિગમે કરેલ કામગીરીની સમીક્ષા કરવાની રહેશે.

આ સૂચનાઓનો અમલ નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધીમંત પટેલ)
ઉપસચિવ,
ગૃહ વિભાગ.

<u>નકલ રવાના :</u>

- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં) સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ગૃહ) ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર......................૩

- સચિવશ્રી,ગુજરાત તકેદારી આયોગ, તકેદારી આયોગ ભવન, સેકટર-૧૦-બી, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજય માનવ અધિકાર પંચ, ટાઉનહોલ, સેકટર-૧૭, ગાંધીનગર.
- વિભાગના સર્વે નાયબ સચિવશ્રીઓ/ઉપસચિવશ્રીઓ
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- મુખ્ય પોલીસ અધિકારી અને નિયામકશ્રી, લાંચ રુશ્વત વિરોધી બ્યુરો, ડફનાળા, ગુજરાત રાજય, અમદાવાદ.
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, જેલ ભવન, સુભાષબ્રીજ, અમદાવાદ.
- અધિક પોલીસ મહાનિદેશક અને મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, કોમ્પ્યુટરકમ ક્રાઇમ રેકર્ડ બ્યુરો, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સંદેશાવ્યવહાર, પોલીસ ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, પોલીસ ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી., (ઇન્ટે) પોલીસ ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમો, પોલીસ ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડઝ, લાલદરવાજા, અમદાવાદ.
- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી. નશાબંધી અને આબકારી, ગુજરાત રાજય, અસારવા, અમદાવાદ.
- નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, શાહીબાગ, અમદાવાદ.
- નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ, હોમગાર્ડ બિલ્ડીંગ, લાલદરવાજા, ગુજરાત રાજય, અમદાવાદ.
- રક્ષા શકિત યુનિવર્સિટી, ન્યુ મેન્ટલ કોર્નર, મેધાણીનગર, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારી ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.
- સેકશન અધિકારી(તમામ શાખાઓ) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.